# 6 મૂળભૂત હકો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

S2U5Z4

લોકશાહીમાં નાગરિકના જીવનમાં હકોએ અગત્યનું સ્થાન ધારણ કર્યું છે. સમાજમાં રહેતા મનુષ્યને અનેક પ્રકારની જરૂરિયાતો હોય છે. તેની અમુક જરૂરિયાતો એટલી બધી અગત્યની હોય છે કે જો આ જરૂરિયાતો સંતોષાય નહિ તો મનુષ્ય સાચા અર્થમાં પોતાનું જીવન જીવતો નથી એમ કહી શકાય. અન્ન, વસ્ત્ર અને રહેઠાણની પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત પણ અનેક જરૂરિયાતો મનુષ્યને હોય છે. જે સંતોષવા મનુષ્ય પ્રયત્નશીલ હોય છે. કેમ કે તેમ કરવાથી જ મનુષ્ય પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે છે. વળી વ્યક્તિને તેના વ્યક્તિત્વના વિકાસ અર્થે કુદરત તરફથી પણ અમુક શક્તિ મળેલી હોય છે. આ શક્તિને ખીલવવા માટે હકો અનિવાર્ય છે. માટે હકો ઉદ્‌ભવે છે કે તેનું સર્જન થાય છે. સમાજમાં રહેલી દરેક વ્યક્તિને જરૂરિયાતો હોવાથી તેમજ દરેક પાસે કુદરતી શક્તિ હોવાથી પ્રત્યેક વ્યક્તિએ અન્યની જરૂરિયાતો અને શક્તિને લક્ષમાં રાખીને જ વર્તન-વ્યવહાર કરવાનો હોય છે માટે, દરેકે પોતાના હક ઉપરાંત બીજી બાબતોનો પણ ખ્યાલ રાખવો પડે છે અને તે છે ફરજ. હકની સાથે જ ફરજનો ખ્યાલ જોડાયેલો છે. આપણા હક એ અન્યની આપણા તરફની ફરજ છે અને તેમના હક એ આપણી તેમના તરફની ફરજ છે. આમ હક અને ફરજ એ એક સિક્કાની બે બાજુ સમાન છે.

**મૂળભૂત હકોનો અર્થ**

હકોને મનુષ્યના સામાજિક જીવનની અનિવાર્ય જરૂરિયાતો તરીકે ઓળખાવી શકાય. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં કહીએ તો, હકો દ્વારા જ મનુષ્ય પોતાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે છે. જે વ્યક્તિ હકો ભોગવતી નથી તે પોતાનો વિકાસ કરી શકતી નથી અને પરિણામે તેનું જીવન કુંઠિત થઈ જાય છે. આપણા હકો સમાજથી સ્વતંત્ર નહિ પરંતુ સમાજમાં ઉદ્‌ભવે છે. સમાજ નથી તો હકો નથી. રાજ્ય હકો ઊભા કરતું નથી પરંતુ તે તો માત્ર સમાજ દ્વારા સ્વીકારાયેલા હકોની જાળવણી કરે છે અને અદાલત દ્વારા તેના રક્ષણની ખાતરી આપે છે. ટૂંકમાં કહીએ તો, વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જે સામાજિક પરિસ્થિતિઓનું હોવું અને ચાલુ રહેવું અત્યંત જરૂરી છે તેને સામાન્ય રીતે વ્યક્તિના હકો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, 'હકો સામાજિક જીવનની એવી જરૂરિયાતો છે કે જેના સિવાય કોઈ પણ મનુષ્ય, પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકતો નથી.'

અન્ય રીતે વિચારીએ તો એવું કહી શકાય કે હકોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવે છે. મનુષ્ય તરીકે જન્મતાંની સાથે જ વ્યક્તિ કેટલાક હકોનો હકદાર બને છે માટે આ હકોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે. 10 ડિસેમ્બર, 1948 ના રોજ સંયુક્ત રાષ્ટ્રો (યુએન - UN)ની મહાસભાએ માનવહકોની વૈશ્વિક ઘોષણા (યુનિવર્સલ ડેક્લેરેશન ઑફ હ્યુમન રાઇટ્સ)ને સ્વીકૃતિ આપી, તેમાં આ બધા હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આની પાછળનો મુખ્ય હેતુ એવી પરિસ્થિતિ સર્જવાનો છે કે વિશ્વનાં રાજ્યો અગત્યના હકોનો સ્વીકાર કરીને પોતાના નાગરિકને તે આપે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થયેલ માનવહકોનો સ્વીકાર હકોનું મહત્ત્વ દર્શાવે છે. તેથી જ આપણે 10મી ડિસેમ્બરને 'માનવઅધિકાર દિન' તરીકે મનાવીએ છીએ. માનવહકો પૈકી કેટલાક અત્યંત મહત્ત્વના હકોનો અમલ રાજ્ય દ્વારા થાય છે. અને તેમના રક્ષણની બાંયધરી આપવામાં આવે છે અને એ સારુ તેમને દેશના બંધારણમાં ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું હોય છે. આવા અધિકારોને મૂળભૂત હકો કહેવામાં આવે છે.

**મૂળભૂત હકોનું મહત્ત્વ**

હકો અંગેની સમજ મેળવ્યા પછી આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે, મનુષ્યજીવનમાં હકો અનિવાર્ય છે. દરેક લોકશાહી રાજ્ય પોતાના નાગરિકને મૂળભૂત હકો આપે છે. જે સાચા અર્થમાં નાગરિક બનવા માટે જરૂરી ગણાય છે. હકો સિવાયના મનુષ્યજીવનનો વિચાર કરવો અશક્ય છે. આ રીતે હકોનું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે. હકોની અગત્ય કે ઉપયોગિતા આ પ્રમાણે દર્શાવી શકાય :

**(1) વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય છે :** લોકશાહીમાં વ્યક્તિનું સ્થાન ઘણું જ મહત્ત્વનું ગણાય છે. તેથી વ્યક્તિના સર્વાંગી વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે રાજ્ય વ્યક્તિત્વના સ્વીકાર અને તેના રક્ષણની જવાબદારી લે છે. પરિણામે રાજ્ય હકોનો સ્વીકાર કરે છે, જેથી વ્યક્તિના સર્વાંગી વિકાસની પરિસ્થિતિઓનું નિર્માણ થાય. આપણે આગળ જોયું કે હકો એ સામાજિક જીવનની એવી જરૂરિયાતો છે કે જેમના સિવાય વ્યક્તિમાં જે શ્રેષ્ઠતા રહેલી છે તેને પ્રાપ્ત કરી શકાતી નથી. આ દૃષ્ટિએ હકો એ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે અતિ આવશ્યક છે.

**(2) વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ થાય છે :** લોકશાહીમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનું મૂલ્ય ઘણું જ છે અને વ્યક્તિ વિવિધ હકો દ્વારા જ વિવિધ સ્વતંત્રતાઓ ભોગવે છે. તેમાં કોઈ બિનજરૂરી દરમિયાનગીરી કરી શકતું નથી. આ રીતે વ્યક્તિ વિવિધ સ્વતંત્રતાઓના ઉપયોગ દ્વારા પોતાની જરૂરિયાતો સંતોષીને પોતાનો વિકાસ સાધી શકે છે.

**(3) સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે :** સત્તા સ્થાને રહેલી સરકાર દ્વારા તેની સત્તાનો દુરુપયોગ ન થાય તે માટે હકોના સ્વીકાર દ્વારા સરકારની સત્તા પર અંકુશ મૂકવામાં આવે છે. કારણ કે જ્યારે હકોનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે સરકાર નાગરિકોના જીવનમાં ગેરવાજબી દખલગીરી કરી શકે નહિ. સરકારની બંને શાખા - કારોબારી તથા ધારાસભાએ પણ સચેત રહી પોતાનું કાર્ય કરવાનું હોય છે. કાયદાનું ઘડતર કરતી વખતે ધારાસભા સતત એ બાબતને ધ્યાનમાં રાખે છે કે પોતાના કાયદા દ્વારા અયોગ્ય રીતે કોઈ પણ હકનો ભંગ તો થતો નથી ને ? આ જ રીતે કારોબારી પણ એવું કોઈ પગલું ન ભરી શકે કે જેથી હકોનો અયોગ્ય રીતે ભંગ થાય. આમ, આ બંને શાખાઓએ પોતપોતાની સત્તાનો ઉપયોગ કરતી વખતે હકોને નજર સમક્ષ રાખવાના હોય છે. તેમ છતાં પણ જો કોઈ પણ રીતે હકોનો ભંગ થતો જણાય તો ન્યાયતંત્ર તેવાં પગલાંને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે. આમ હકોના સ્વીકારથી સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે.

**(4) લઘુમતીઓના હિતોનું રક્ષણ થાય છે :** લોકશાહી રાજ્યમાં ધાર્મિક, પ્રાદેશિક, ભાષાકીય, સાંસ્કૃતિક વગેરે જેવી લઘુમતીઓ અસ્તિત્વ ધરાવતી હોય છે. હકોના સ્વીકાર દ્વારા લઘુમતીઓને તેમના હિતોનું રક્ષણ થશે તેવી ખાતરી આપવામાં આવે છે. જેથી તેઓ નિશ્ચિંતતા અનુભવે છે. જે લોકશાહી માટે આવકારદાયક ગણાવી શકાય. ભારતમાં પણ અનેક પ્રકારના લઘુમતીઓ હોવાથી ધાર્મિક સ્વાતંત્ર્ય, શિક્ષણ સ્વાતંત્ર્ય, સંસ્કૃતિવિષયક સ્વાતંત્ર્ય વગેરે મૂળભૂત હકો દ્વારા લઘુમતીઓનાં હિતોના રક્ષણની ખાતરી આપવામાં આવી છે.

**(5) રાજ્યનું મૂલ્ય નક્કી થાય છે :** રાજ્ય સારું છે કે નઠારું તે પોતાના નાગરિકોને જે હકો પ્રદાન કરે છે તેના પરથી નક્કી થાય છે. હકો દ્વારા રાજ્ય વ્યક્તિઓનું રક્ષણ કરવાની જવાબદારી લે છે. હકોનો સાચા અર્થમાં સ્વીકાર કરનાર રાજ્યમાં સત્તાનું કેન્દ્રીકરણ થતું નથી અને લોકશાહીનો સારી પેઠે અમલ શક્ય બને છે. આમ, દરેક રાજ્ય તેણે સ્વીકારેલા હકો ઉપરથી ઓળખાય છે.

**(6) નાગરિકોમાં જાગૃતિ આવે છે :** હકોનો સ્વીકાર કરવાથી નાગરિકોમાં રાજકીય જાગૃતિ આવે છે. કારણકે હકોનો સ્વીકાર કરવામાં આવ્યો હોય તેમના પર અંકુશ મૂકવામાં ન આવે તેનું નાગરિક સતત ધ્યાન રાખે છે. આ બાબત ખૂબ જ મહત્ત્વની છે. કેમકે જો નાગરિક જાગ્રત હોય તો જ પોતાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરી શકે છે. જાગ્રત નાગરિક પોતાના હકો પર મુકાતા અયોગ્ય અંકુશનો વિરોધ કરે છે. પરિણામે લોકમત સરકારની વિરુદ્ધ જવાની શક્યતા રહે છે. લોકશાહીમાં લોકમતના આધારે જ સરકારોની રચના થાય છે અને ટકે છે.

આ પ્રમાણે હકોનું મહત્ત્વ કે તેની ઉપયોગિતા ઘણી જ હોવાના કારણે તેમનો સ્વીકાર કરવામાં આવે છે. હકોના સ્વીકાર સિવાય લોકશાહીની કલ્પના કરવી જ મુશ્કેલ છે. હક એ રાજ્ય તરફથી મળતી કોઈ ભેટ નથી પરંતુ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસની અનિવાર્ય એવી પૂર્વશરત છે, એટલે હકની જેટલી અગત્ય આંકીએ તેટલી ઓછી છે.

### મૂળભૂત હકો

ભારતના બંધારણના ત્રીજા ભાગમાં મૂળભૂત હકોને સ્થાન આપવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે :

**(1) સમાનતાનો હક (કલમ 14 થી 18)**

**(2) સ્વતંત્રતાનો હક (કલમ 19 થી 22)**

**(3) શોષણ સામેનો હક (કલમ 23 - 24)**

**(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (કલમ 25 થી 28)**

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (કલમ 29 - 30)**

**(6) બંધારણીય ઈલાજોનો હક (કલમ 32)**

શરૂઆતમાં બંધારણમાં ઉપર્યુક્ત છ હકો ઉપરાંત મિલકતનો હક પણ સામેલ હતો પરંતુ સમય સાથે તેમાં અનેક વિવાદો અને ગૂંચવાડા સર્જાતાં તેને મૂળભૂત હક તરીકે રદબાતલ કરી માત્ર કાનૂની હક તરીકે ચાલુ રાખવામાં આવ્યો છે. આમ, વર્તમાન સમયમાં આપણા બંધારણમાં કુલ છ મૂળભૂત હકો સમાવિષ્ટ છે. આ હકોની વિગતે જાણકારી મેળવીએ :

**(1) સમાનતાનો હક (કલમ 14 થી 18) :** સમાનતા લોકશાહીનો પાયો હોઈ બંધારણે દરેક નાગરિકને સમાનતા પ્રાપ્ત થાય તે માટે જોગવાઈ કરી છે.

(i) કલમ 14 અનુસાર ભારતમાં રહેતી બધી વ્યક્તિઓ 'કાયદા સમક્ષ સમાન' અથવા 'કાયદાનું સમાન રક્ષણ' મેળવવાનો હક ધરાવે છે. આનો અર્થ એ થાય છે કે, સમાન સંજોગોમાં દરેક પ્રત્યે રાજ્ય તરફથી સમાન વર્તાવ. ટૂંકમાં, કાયદો બધાને સરખી રીતે લાગુ પડશે અને દરેકને સમાન રક્ષણ આપશે.

(ii) કલમ 15 માં જણાવવામાં આવ્યું છે કે, રાજ્ય ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ કે એવી કોઈ બાબતના આધારે કોઈ પણ નાગરિક સામે ભેદભાવ રાખશે નહિ.

(iii) કલમ 16 દ્વારા જાહેર નોકરીઓમાં નાગરિકોને સમાન તકની ખાતરી આપવામાં આવી છે.

(iv) કલમ 17 દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. કોઈ પણ પ્રકારના અસ્પૃશ્ય આચરણ કે વ્યવહારને ગેરબંધારણીય અને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.

(v) કલમ 18 દ્વારા સમાજમાં કૃત્રિમ અસમાનતા ઊભા કરતા ઈલકાબો કે ખિતાબો નાબૂદ કરવામાં આવ્યાં છે. ખાસ કરીને બ્રિટિશ શાસન દરમિયાન બ્રિટિશ સરકારને મદદરૂપ થતા કેટલાક લોકોને તેની વફાદારીની કદર રૂપે બ્રિટિશ તાજ તરફથી સર, નાઈટહુડ, ખાનસાહેબ, રાવબહાદુર, કૈસર-એ-હિંદ, બેરોનેટ વગેરે જેવા ખિતાબો આપવામાં આવતા હતા, જે સમાજમાં એક પ્રકારનો કૃત્રિમ ભેદભાવ ઊભો કરતાં હતા. આઝાદી બાદ કલમ 18 દ્વારા ભારતના નાગરિકને કોઈ પણ પ્રકારનો વિદેશી ઇલકાબ કે ખિતાબ સ્વીકારવા માટે સ્પષ્ટ રીતનો પ્રતિબંધ છે. આમ છતાં અપવાદરૂપે સેવા તથા શિક્ષણ અને જ્ઞાન કે સેવાના ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર મહાનુભાવોની સેવાની કદરરૂપે તેઓને ભિન્ન-ભિન્ન પ્રકારનાં ઍવોર્ડ્સ આપી શકાય છે. જેમકે; પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, ભારતરત્ન વગેરે.

સમાનતાના હકના સંદર્ભમાં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સ્ત્રીઓ, બાળકો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે રાજ્ય જો કોઈ ખાસ જોગવાઈઓ જેમકે અનામત બેઠકો કે અન્ય વિશેષ સવલતો કે વ્યવસ્થા કરે તો તે સમાનતાના હકનો ભંગ ગણાશે નહિ.

આમ, સમાનતાના હકનો ઉદ્દેશ ભારતમાં 'કાયદાનું શાસન' સ્થાપિત કરવાનો છે.

**(2) સ્વતંત્રતાનો હક (કલમ 19 થી 22) :** લોકશાહીના પ્રાણ સમાન સ્વતંત્રતાનો હક બંધારણમાં આપવામાં આવ્યો છે. તેમાં 19મી કલમ હેઠળ જે સ્વતંત્રતાઓ આપી છે. તેનું વિશેષ મહત્ત્વ છે. આ સ્વતંત્રતાઓ આ પ્રમાણે છે :

(i) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય

(ii) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય

(iii) મંડળો, સંસ્થાઓ કે સંઘો રચવાનું સ્વાતંત્ર્ય

(iv) ભારતના કોઈ પણ પ્રદેશ કે વિસ્તારમાં મુક્તપણે હરવા-ફરવાનું સ્વાતંત્ર્ય

(v) ભારતના કોઈ પણ ભાગમાં રહેવાની તેમજ કાયમી ધોરણે સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા

(vi) કોઈ પણ વ્યવસાય, ધંધો, રોજગાર કે વેપાર કરવાનું સ્વાતંત્ર્ય

આપણે રાજ્ય અને સમાજમાં રહીએ છીએ એટલે આ બધી સ્વતંત્રતાઓનો ઉપયોગ મન ફાવે તે રીતે અથવા સ્વચ્છંદી રીતે કરી ન શકીએ તેથી આ દરેક સ્વતંત્રતા ઉપર બંધારણે અમુક વાજબી મર્યાદાઓ મૂકેલી છે. કઈ સ્વતંત્રતા કઈ મર્યાદાઓ હેઠળ ભોગવવાની છે એની સ્પષ્ટતા પણ બંધારણમાં કરવામાં આવી છે.

વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય કેટલીક મર્યાદાઓને આધીન રહીને નાગરિક ભોગવી શકે છે. જેમકે, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેર વ્યવસ્થા, સુરુચિ અને નીતિમત્તા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી કે ગુના માટે ઉશ્કેરણી વગેરે જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય જાહેર હિતમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર વાજબી મર્યાદા લાદી શકે છે. આ જ રીતે જાહેર વ્યવસ્થાના હિતમાં શાંતિપૂર્ણ અને શસ્ત્રો વિના ભેગા મળવાની સ્વતંત્રતા પર રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. એ જ રીતે મંડળો, સંસ્થાઓ અને સંઘો રચવાની સ્વતંત્રતા પર પણ એ આધારે મર્યાદા મૂકી શકે છે. ઉપરાંત, જાહેર હિતમાં દેશમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા પર પણ રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. ધંધો-વેપાર અને વ્યવસાય કરવાની સ્વતંત્રતા પર પણ જાહેર હિતમાં મર્યાદા લાદી શકે. જે-તે ધંધો-વ્યવસાય કરવા માટે જરૂરી લાયકાતો કે ધોરણો રાજ્ય નક્કી કરી શકે છે. આમ, નાગરિકોએ યોગ્ય મર્યાદામાં રહીને સ્વતંત્રતાઓ ભોગવવાની છે.

કલમ 20, 21 અને 22 વ્યક્તિ-સ્વાતંત્ર્યના રક્ષણ સાથે જોડાયેલી છે. કલમ 20 હેઠળ વ્યક્તિને ચાર સલામતીઓ આપવામાં આવી છે : (ક) ગુનાના સમયે અમલમાં હોય તે કાયદાનો ભંગ કર્યો હોય તો જ વ્યક્તિને ગુનેગાર ઠેરવી શકાય. (ખ) ગુનાના સમયે અમલી કાયદામાં જણાવવામાં આવી હોય તેથી વધુ સજા કરી શકાય નહિ. (ગ) એક જ ગુના માટે એકથી વધુ વાર સજા કરી શકાય નહિ. (ઘ) ગુનેગારને પોતાની વિરુદ્ધ જુબાની આપવાની ફરજ પાડી શકાય નહિ.

કલમ 21 જીવન અને અંગત સ્વાતંત્ર્યના રક્ષણની ખાતરી આપે છે. કલમ 21 હેઠળ આપવામાં આવેલ જીવન અને અંગત સ્વાતંત્ર્યનું અર્થઘટન કરતાં ભારતની સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, જીવનનો અર્થ માત્ર અસ્તિત્વ ટકાવી રાખવું એવો થતો નથી, પણ 'માનવીય ગૌરવ સાથે જીવવું' એવો થાય છે. શિક્ષણ વગર માનવ ગૌરવભર્યું જીવન કેવી રીતે જીવી શકે ? તેથી વર્ષ 2002માં 86માં બંધારણીય સુધારા દ્વારા કલમ 21(A)નો ઉમેરો કરવામાં આવ્યો અને બાળકના પ્રાથમિક શિક્ષણ મેળવવાના હકને મૂળભૂત હકનો દરજ્જો આપવામાં આવ્યો. વર્ષ 2009માં તેને કાયદાનું સ્વરૂપ અપાયું અને છથી ચૌદ વર્ષના બાળકને રાજ્યે 'નિઃશુલ્ક અને ફરજિયાત' શિક્ષણ પૂરું પાડવાનું રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી. આ રીતે શિક્ષણ મેળવવાનો હક-રાઇટ ટુ એજ્યુકેશન (RTE) મૂળભૂત હકનું સ્થાન પામ્યો. આમ, જીવન જીવવાના હકને વધુ વિસ્તૃત બનાવવામાં આવ્યો છે.

કલમ 22 હેઠળ ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે : (ક) ધરપકડનું કારણ જાણવાનો હક (ખ) પોતાની પસંદગીના વકીલ સાથે ચર્ચા અને તેના દ્વારા બચાવ કરવાનો હક (ગ) ધરપકડ કે અટકમાં લેવામાં આવેલ વ્યક્તિને નજીકના મૅજિસ્ટ્રેટ સમક્ષ 24 કલાકમાં રજૂ કરવો જરૂરી છે. અપવાદરૂપે, ધરપકડના સમયે દુશ્મન રાજ્યની વ્યક્તિને આ અધિકારો મળતાં નથી. આ ઉપરાંત જેમની અટકાયતી ધારા હેઠળ ધરપકડ થઈ હોય તેમને પણ આ અધિકારો મળતાં નથી.

આ પ્રમાણે વ્યક્તિઓની પાયાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે આ કલમો હેઠળ આપવામાં આવેલા હકો મહત્ત્વના છે.

**(3) શોષણ સામેનો હક (કલમ 23-24) :** શોષણ મુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું એક ધ્યેય છે. આ સંદર્ભમાં એક મૂળભૂત હક તરીકે શોષણ વિરોધી હકનો સમાવેશ કરવામાં આવ્યો છે. કલમ 23 હેઠળ વેઠપ્રથા અને મનુષ્યોનાં ખરીદ-વેચાણ પર પ્રતિબંધ છે. આ અધિકાર ખાનગી વ્યક્તિ કે સંગઠનો દ્વારા કરાવવામાં આવતી વેઠપ્રથા, ભીખ અને

ધાકધમકીથી દબાણપૂર્વક કરાવવામાં આવતી મજૂરી વગેરે જેવા કાર્યને રોકે છે અને કાયદા હેઠળ ગુનાપાત્ર ઠેરવે છે. આમ છતાં, રાજ્ય જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવાઓ માંગી શકે છે. દા.ત., ફરજિયાત લશ્કરી તાલીમ.

આ અધિકાર સ્ત્રીઓ તેમજ બાળકોની ગેરકાયદે કે અનૈતિક હેતુઓ માટે કરવામાં આવતી ખરીદી, વેચાણ કે ભાડે રાખવાના કાર્યને રોકે છે.

કલમ 24 કુમળી વયનાં બાળકો કે કિશોરોને શોષણ સામે સલામતી પૂરી પાડે છે. આ કલમ 14 વર્ષથી ઓછી વયનાં બાળકોને કોઈ પણ પ્રકારના કામમાં નોકરીએ રાખવાની મનાઈ ફરમાવે છે. આ સંદર્ભમાં ભારતની સંસદે બાળ મજૂરી વિરોધી કાયદો પણ પસાર કર્યો છે. આમ, કલમ 24 બાળકોને રક્ષણ પૂરું પાડે છે.

**(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (કલમ 25 થી 28) :** બંધારણનાં લક્ષણોની ચર્ચામાં તેમજ આમુખમાં આપણે જોઈ ગયા છીએ કે, ભારત એક બિનસાંપ્રદાયિક કે ધર્મનિરપેક્ષ રાજ્ય છે. એનો અર્થ એ થાય કે ભારતનું રાજ્ય કોઈ ધર્મ કે સંપ્રદાયના સિદ્ધાંતો કે માન્યતાઓને આધારે ચાલતું નથી. રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. આપણા દેશમાં ઘણા ધર્મો પાળવામાં આવે છે. આથી ધાર્મિક સ્વતંત્રતાનો હક માન્ય રાખવામાં આવ્યો છે. વ્યક્તિના ધર્મ કે ધાર્મિક માન્યતાઓ કે શ્રદ્ધાની બાબતમાં રાજ્ય સંપૂર્ણ રીતે નિરપેક્ષ છે. કલમ 25 અનુસાર દરેક નાગરિક અંતઃકરણની સ્વતંત્રતા ધરાવે છે, પોતાને પસંદ એવા કોઈ પણ ધર્મમાં માનવાની, તેનું આચરણ કરવાની, તેનો પ્રચાર અને પ્રસાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે. સાથે એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ધાર્મિક બાબતો સાથે સંકળાયેલી આર્થિક, નાણાકીય અને રાજકીય પ્રવૃત્તિઓ ઉપર સરકાર જરૂરી નિયમનો મૂકી શકે છે. ઉપરાંત જાહેર વ્યવસ્થા અને નીતિમત્તાના આધાર પર રાજ્ય આ હક પર જરૂરી નિયંત્રણો લાદી શકે છે.

કલમ 26 હેઠળ દરેક ધાર્મિક સંપ્રદાયને ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, નિભાવવાનો, સ્થાવર અને જંગમ મિલકતો રાખવાનો તેમજ નિભાવવાનો કે વહીવટ કરવાનો અધિકાર છે. કલમ 27 અનુસાર ધાર્મિક સંસ્થાઓના વિકાસ કે જાળવણી માટે કોઈ પણ વેરો આપવાની નાગરિકને ફરજ પાડી શકાય નહિ. કલમ 28 મુજબ રાજ્યની સહાયથી ચાલતી શિક્ષણ સંસ્થાઓમાં કોઈ એક ધર્મ માટેનું વિશિષ્ટ શિક્ષણ આપી શકાય નહિ તેમજ કોઈ વિદ્યાર્થીને ધર્મની વિધિ પ્રમાણે વર્તન કરવા ફરજ પાડી શકાય નહિ. અહીં એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે, ધાર્મિક શિક્ષણ આપવાના હેતુસર સ્થાપવામાં આવેલ કોઈ સખાવતી કે ટ્રસ્ટની સંસ્થાઓને આ લાગુ પડશે નહિ.

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (કલમ 29-30) :** ભારતમાં અનેક પ્રકારની વિવિધતા છે. જેમકે વિવિધ ભાષા, લિપિ, ધર્મ, જ્ઞાતિ, જાતિ, સંસ્કૃતિ વગેરે. આથી આ વૈવિધ્યની જાળવણી કરવા માટેના અધિકારો બંધારણમાં સુરક્ષિત કરવામાં આવ્યા છે. કલમ 29 અને 30 વિવિધ સમૂહોને પોતાની ભાષા, લિપિ કે સંસ્કૃતિનું જતન અને રક્ષણ કરવાના હકો આપે છે. કલમ 29 અનુસાર પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કૃતિ ધરાવતી કોઈ પણ લઘુમતીને તેનું જતન કરવાનો હક છે. ઉપરાંત, એવી પણ બાંયધરી આપવામાં આવી છે કે, રાજ્યની મદદથી ચાલતી કોઈ પણ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ આપવાની બાબતે ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે એવી કોઈ બાબતને આધારે કોઈ ભેદભાવ આચરવામાં આવશે નહિ.

કલમ 30 હેઠળ ધર્મ કે ભાષાના આધારે રચાયેલી બધી જ લઘુમતીઓને તેમની પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ઉપરાંત, અમુક સંસ્થા લઘુમતી સંસ્થા છે, એ જ કારણસર એવી સંસ્થા પ્રત્યે રાજ્ય કોઈ ભેદભાવ આચરશે નહિ.

ભારત જેવા દેશમાં, જ્યાં વિવિધ પ્રકારની લઘુમતીઓ છે, ત્યાં આ હકોનું વિશિષ્ટ મહત્ત્વ છે.

## મિલકતનો હક (કલમ 31) અને તેની નાબૂદી

બંધારણના અમલની સાથે મૂળભૂત હકોમાં મિલકતના હકનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતના નાગરિકને મિલકત પ્રાપ્ત કરવાનો, ધરાવવાનો અને નિકાલ કરવાનો અધિકાર મૂળભૂત હક તરીકે પ્રાપ્ત હતો. પરંતુ, તેના અર્થઘટન સંબંધે ખૂબ વિવાદો સર્જાયા, મિલકતના હકને સ્પષ્ટ કરવા બંધારણમાં પણ અનેક સુધારાઓ કરવા પડ્યા છેવટે 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા આ હકને મૂળભૂત હકોની યાદીમાંથી ખસેડીને નવી કલમ-300 (A)માં મૂકવામાં આવ્યો

છે. જોકે, તેમાં જૂના શબ્દો જ યથાવત્ રખાયેલા છે. હવે આ હક માત્ર કાનૂની હકનું સ્થાન ધરાવે છે. એટલે કે, કાયદાના આધાર વિના કોઈ પણ વ્યક્તિને તેની મિલકતથી વંચિત કરી શકાશે નહિ.

**(6) બંધારણીય ઈલાજોનો હક (કલમ 32) :** મૂળભૂત હકોના અમલ અને રક્ષણ માટે બંધારણીય ઈલાજોના હકને એક મૂળભૂત હકનો દરજ્જો આપીને બંધારણના ઘડવૈયાઓએ આ હકોને વધુ સલામત બનાવ્યા છે. ભારતના કોઈ પણ નાગરિકને એવું લાગે કે એના મૂળભૂત હકોનો અમલ થતો નથી અથવા તો તેનો ભંગ થાય છે, તો તે આ હક દ્વારા સર્વોચ્ચ અદાલતમાં જઈ ધા નાખી શકે છે. આમ, આ હક નાગરિકને અદાલતોમાં જવાનો હક આપે છે. તો બીજી બાજુ આ હક હેઠળ સર્વોચ્ચ અદાલતની એ ફરજ બને છે કે તેઓ નાગરિકોના હકોનું રક્ષણ કરે. બંધારણસભાના સભ્ય અને મુસદ્દા સમિતિના અધ્યક્ષ એવા ડૉ. ભીમરાવ આંબેડકરે આ હક વિશે જણાવ્યું હતું કે, ''તે બંધારણનો આત્મા છે અને બંધારણનું હાર્દ છે.''

કલમ 32 હેઠળ નાગરિકોના હકોનું રક્ષણ કરવા માટે સર્વોચ્ચ અદાલતને કેટલાક હુકમો બહાર પાડવાની સત્તા આપવામાં આવી છે.

### મૂળભૂત હકોનું રક્ષણ

નાગરિકોના હકોનું રક્ષણ કરવા માટે રાજ્યના કાયદાની જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ પણ વ્યક્તિ અથવા તો સંસ્થા બીજી વ્યક્તિના મૂળભૂત હકનો ભંગ કરે તો રાજ્યનો કાયદો તે વ્યક્તિના હકનું રક્ષણ કરે છે અને હકનો ભંગ કરનારને શિક્ષા કરે છે. ઘણી વખત એવું પણ બને છે કે સરકાર દ્વારા નાગરિકોના હકોને મર્યાદિત બનાવવા પ્રયત્નો થાય છે. આવા સંજોગોમાં આ હકોનું રાજ્યથી કેવી રીતે રક્ષણ કરવું તેનો પણ વિચાર કરવામાં આવ્યો. આધુનિક લોકશાહીમાં હકોના રક્ષણ માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. જેમકે; મૂળભૂત હકોને બંધારણમાં લેખિત સ્વરૂપ આપીને, ન્યાયતંત્ર દ્વારા સલામતી. આ ઉપરાંત નાગરિકોની જાગૃતિ તેમજ અસરકારક લોકમત પણ હકોના રક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### મૂળભૂત ફરજો

આપણા બંધારણમાં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ મૂળભૂત ફરજોને સ્થાન આપવામાં આવ્યું ન હતું. પરંતુ પાછળથી 1976માં બંધારણમાં 42મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો અને આ સુધારા દ્વારા બંધારણમાં ભાગ 4-A તથા નવી કલમ 51(A) હેઠળ મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રમાણે લોકશાહી રાજ્યોનાં બંધારણોમાં મૂળભૂત ફરજોની જોગવાઈ કરતું ભારતીય બંધારણ ખાસ ધ્યાન ખેંચે છે.

**બંધારણની કલમ-51(A) હેઠળ ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :**

(1) બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો તેમજ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર તથા ગૌરવ કરવું.

(2) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોનો હૃદયથી આદર કરવો અને તે અનુસાર વર્તવું.

(3) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને રક્ષણ કરવું.

(4) દેશનું રક્ષણ અને રાષ્ટ્રની સેવા કરવા માટે જ્યારે હાકલ કરવામાં આવે ત્યારે તત્પર રહેવું.

(5) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવી અને સ્ત્રીઓના ગૌરવને હણનારા વ્યવહારોનો ત્યાગ કરવો.

(6) આપણી વિશિષ્ટ સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજવું અને તેને જાળવવું.

(7) જંગલો, તળાવો, નદીઓ અને અન્ય પશુપક્ષીઓ સહિતની કુદરતી સંપત્તિનું જતન તથા સંવર્ધન કરવું તેમજ તમામ જીવો પ્રત્યે અનુકંપા દાખવવી.

(8) વૈજ્ઞાનિક માનસ, માનવવાદ, શોધ કે જિજ્ઞાસાવૃત્તિ તથા સુધારણા કરવા માટેની ભાવના કેળવવી.

(9) જાહેર મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.

(10) વ્યક્તિ અને સમૂહ પ્રવૃત્તિના દરેક ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો, જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ઉત્તરોત્તર હાંસલ કરતું રહે.

(11) માતા-પિતા અથવા વાલીએ 6થી 14 વર્ષની વય સુધીના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

આમ, આ બધી ફરજો સ્વયંસ્પષ્ટ છે.

હકો અને ફરજો વિશે સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે તે એક સિક્કાની બે બાજુઓ જેવા છે. 'એકનો હક એ બીજાની ફરજ' એવું કહેવાય છે. પરંતુ મૂળભૂત ફરજોની બાબતમાં એવું કહી શકાય નહિ. અમુક એવી ફરજો છે કે જેના પાલન થકી કેટલાક હકોનું સર્જન થાય છે. અલબત્ત, આ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો છે જે સમાજ અને રાષ્ટ્રમાં આપણે રહીએ છીએ તેમના પ્રત્યે આપણી કેટલીક ફરજો છે.

વધુમાં, આ ફરજો આપોઆપ નાગરિકો માટે બંધનકારક બનતી નથી, પણ જો કોઈ ફરજને લાગુ પાડવા માટે કાયદો ઘડવામાં આવે તો તેનું પાલન કરવું બંધનકારક બને છે. અને તેનો ભંગ કરનારને સજા અથવા દંડ થઈ શકે છે. દા.ત., પર્યાવરણનું જતન કે વન્યજીવનના રક્ષણ માટે કાયદા ઘડવામાં આવ્યા છે અને તેનો ભંગ કરનારને સજા થઈ શકે છે. આ જ રીતે જાહેર મિલકતોને નુકસાન કરનાર કે હિંસાનો આશરો લેનાર સજાપાત્ર બને છે. કેટલીક ફરજો આદર્શો અને મૂલ્યોની જાળવણી કરવાની વાત કરે છે. જેમના માટે કાયદા ઘડવા અત્યંત મુશ્કેલ છે. દા.ત., વૈજ્ઞાનિક માનસ કેળવવું, સુધારણા કરવાની ભાવના રાખવી, માનવવાદનાં મૂલ્યોને જીવનમાં ચરિતાર્થ કરવાં વગેરે.

રાષ્ટ્રના એક જાગ્રત અને સમજદાર નાગરિક તરીકે આપણે શું કરવું જોઈએ તેનું સ્પષ્ટ માર્ગદર્શન આ મૂળભૂત ફરજો આપણને આપે છે. સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે આપણું જે ઋણ છે, એ આપણે સતત યાદ રાખીએ અને એવો વ્યવહાર કરીએ, એમાં જ આ ફરજોની ઉપયોગિતા છે. વિશેષ અગત્યની બાબત એ છે કે પ્રાથમિક શાળાથી પાઠ્યપુસ્તકોના શરૂઆતના પાના પર જ આ ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાળકો અને કિશોરોમાં જો આ ફરજોનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય અને એમને એનું સતત શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યના નાગરિકોમાં સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વની ભાવના વધુ મજબૂત બનાવી શકાય.

**રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો**

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના ભાગ-4 માં કરવામાં આવ્યો છે. ઘણા ઓછા દેશોનાં બંધારણોમાં આવા માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ થયેલો છે. આયર્લેન્ડના બંધારણમાંથી પ્રેરણા લઈ આપણા બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતોનો સમાવેશ આપણા બંધારણમાં કર્યો છે. માર્ગદર્શક સિદ્ધાંતોનો બંધારણમાં સમાવેશ કરવાનો મુખ્ય હેતુ સરકારોને જુદાં-જુદાં ક્ષેત્રોમાં કઈ-કઈ અને કેવી-કેવી નીતિઓ ઘડવી તે સંબંધે માર્ગદર્શન આપવાનો છે. એટલા માટે તેને 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' કહેવામાં આવે છે. નીતિ ઘડતર વખતે આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નીતિઓ ઘડવાની છે અને તેમનો અમલ કરવાનો છે. આ અર્થમાં તેને 'નીતિદર્શક સિદ્ધાંતો' તરીકે પણ ઓળખાવી શકાય. આઝાદી પછી આપણે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવા ઇચ્છીએ છીએ, કેવા પ્રકારનો સમાજ રચવા માંગીએ છીએ, આપણું ધ્યેય શું છે વગેરેનું સ્પષ્ટ દિશાસૂચન કરવાનો હેતુ આ સિદ્ધાંતોનો છે. બીજા શબ્દોમાં, સામાજિક પરિવર્તનની કાર્યસૂચિ (એજન્ડા) છે.

કેટલાક હકોનો સમાવેશ આપણા બંધારણમાં મૂળભૂત હકો તરીકે કરવામાં આવ્યો છે. પણ બીજા ઘણા હકો એવા છે જેનો સમાવેશ માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભારતના બંધારણના ચોથા ભાગમાં 36મી કલમથી 51મી કલમ સુધીમાં સમાવવામાં આવ્યા છે.

હવે આપણે કયા-કયા સિદ્ધાંતોનો માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેની વિગતે સમજ મેળવીએ.

## (1) રાજકીય અને વિદેશી સંબંધો વિશેના સિદ્ધાંતો :

(i) ગ્રામીણ જીવનના વિકાસ માટે ગ્રામપંચાયતોની સ્થાપના તથા તેમને વધુમાં વધુ સ્વાયત્તતા આપવાના પ્રયાસો રાજ્ય કરશે.

(ii) ભારતમાં રહેતા બધા નાગરિકો માટે એકસરખો દીવાની કાયદો (યુનિફોર્મ સિવિલ કોડ) ઘડવાનો પ્રયાસ રાજ્ય કરશે.

(iii) કાયદાનું શાસન સ્થાપવા માટે વહીવટીતંત્રને ન્યાયતંત્રથી અલગ કરવા માટેનાં જરૂરી પગલાં રાજ્ય ભરશે.

(iv) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જળવાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(v) અન્ય દેશો સાથે ન્યાયી અને ગૌરવપ્રદ સંબંધો જળવાય એ દિશામાં રાજ્ય પ્રયાસ કરશે.

(vi) આંતરરાષ્ટ્રીય કાયદાનો આદર થાય અને આંતરરાષ્ટ્રીય કરારનું પાલન થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) આંતરરાષ્ટ્રીય મતભેદોનો નિકાલ લવાદ પ્રથાને માર્ગે થાય એ બાબતને રાજ્ય પ્રોત્સાહન આપશે.

## (2) સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સમાજના અન્ય નબળા અને વંચિત વર્ગોના રક્ષણ અને ઉત્કર્ષ માટે રાજ્યએ વિશેષ પ્રયાસો કરવાના છે. માર્ગદર્શક સિદ્ધાંતો ઉપરાંત સમાનતાના મૂળભૂત હક હેઠળ પણ આવી જોગવાઈઓ કરવાની રાજ્યને છૂટ આપવામાં આવી છે.

રાજ્ય પોતાનાં નાણાકીય સાધનોના પ્રમાણમાં રોજી માટે, શિક્ષણ માટે તથા બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી કે અન્ય પ્રકારની અક્ષમતાની સ્થિતિમાં રાજ્યની સહાય મેળવવા માટે નાગરિકને અધિકાર આપશે. ખેતી તેમજ ઔદ્યોગિક કામદારો અને ખાસ કરીને સ્ત્રી કામદારોના કલ્યાણ અંગેના કાયદાઓ રાજ્યે કરવાના રહેશે. જીવનક્ષમ વેતન, આરામ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રજાના ઉચિત ઉપયોગ તેમજ અન્ય સુવિધાઓનો એમાં સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગો તથા સહકારી પ્રવૃત્તિઓ તથા બાળકો માટે ફરજિયાત શિક્ષણ માટે, સમતોલ આહાર અને સ્વાસ્થ્ય સેવાઓ શરૂ કરવા માટે તથા માદક દ્રવ્યો ઉપર પ્રતિબંધ મૂકવા વગેરે અંગે રાજ્યએ જોગવાઈઓ કરવાની રહેશે.

આર્થિક નીતિક્ષેત્રમાં પણ ઘણા મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ પ્રમાણે છે :

(i) રાષ્ટ્રનાં ભૌતિક સંસાધનોની માલિકી અને વહીવટનું એવી રીતે વિતરણ કરવું કે જેથી સૌનું શ્રેય સધાય.

(ii) સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ ન થાય તેની તકેદારી રાજ્યએ રાખવાની રહેશે.

(iii) જીવનનિર્વાહનાં પૂરતાં સાધનો પ્રાપ્ત કરવાનો હક સૌ નાગરિકોને મળે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(iv) સમાન કામગીરી માટે સ્ત્રી અને પુરુષને સમાન વેતનની જોગવાઈ કરવી.

(v) સ્ત્રી-પુરુષ કામદારો અને કુમળી વયનાં બાળકોના સ્વાસ્થ્યની જાળવણી કરવી. આર્થિક લાચારીને કારણે ઉંમર અને ક્ષમતાથી વિરુદ્ધ સ્વરૂપની કામગીરી તેમને કરવી ન પડે તે માટેની રાજ્યએ કાળજી રાખવી.

(vi) ઔદ્યોગિક એકમોના સંચાલનમાં કામદારોની ભાગીદારી માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) બાળકોના તંદુરસ્ત વિકાસ માટે જરૂરી તકો અને સવલતો ઊભી કરવામાં આવે અને તેમનું કોઈ પણ પ્રકારનું શોષણ ન થાય એ માટે રાજ્યએ ખાસ પ્રકારનાં પગલાં ભરવાનાં રહેશે.

(viii) નાગરિકોને કામ કરવાનો હક પ્રાપ્ત થાય તથા ઘડપણ કે અપંગ અવસ્થામાં તેમને રાજ્ય તરફથી સહાય પ્રાપ્ત થાય એ દિશામાં રાજ્ય પગલાં ભરશે.

(ix) કામદારોના કામના સ્થળે યોગ્ય અને માનવીય પરિસ્થિતિઓનું સર્જન કરવામાં આવે, સ્ત્રીઓને પ્રસૂતિ સમયે જરૂરી રાહત પૂરી પાડવામાં આવે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(x) કૃષિ અને ઔદ્યોગિક કામદારોને જીવનનિર્વાહ થઈ શકે એટલું યોગ્ય અને પૂરતું વેતન પ્રાપ્ત થાય, રાજ્ય દ્વારા કુટીરઉદ્યોગ અને ગૃહ ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં આવે તેવી વ્યવસ્થાનું નિર્માણ રાજ્યએ કરવાનું રહેશે.

(xi) કૃષિ અને પશુપાલનનો આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વિકાસ કરવામાં આવે તેમજ દુધાળાં પશુઓની કતલ અટકાવવાનો પ્રયાસ કરવાનો રહેશે.

(xii) સૌને ન્યાય મળે એ રીતે ન્યાય અંગેની વ્યવસ્થા અને જરૂરિયાતમંદ લોકોને મફત કાનૂની સહાય મળે તે માટે રાજ્ય પ્રબંધ કરશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ એક સમતામુલક, શોષણવિહીન, કલ્યાણલક્ષી સમાજ અને સમાજવાદી અર્થવ્યવસ્થા સ્થાપવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકીય લોકશાહીની સાથે સાથે સામાજિક તેમજ આર્થિક લોકશાહી સ્થાપવાનો છે.

**(3) શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

(i) બંધારણના આરંભ થવાના દસ વર્ષની અંદર ચૌદ વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(ii) ઐતિહાસિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ મહત્ત્વના જાહેર કરવામાં આવ્યા હોય એવાં સ્મારકો, કલાકૃતિઓ, ઇમારતો કે સ્થળોનાં બગાડ, વિકૃતિ કે વિનાશ અટકાવવા તેમજ રાજ્ય દ્વારા તેનું રક્ષણ કરવાનું રહેશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ ચૌદ વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને સાર્વત્રિક શિક્ષણ આપવાનો અને રાષ્ટ્રના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું યોગ્ય રીતે જતન થાય તે જોવાનો છે.

**(4) આરોગ્યવિષયક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

(i) લોકોનું આરોગ્ય અને પોષણનું સ્તર સુધરે એ માટે રાજ્ય પ્રયાસ કરશે. જાહેર આરોગ્ય અને જનસુખાકારી માટે રાજ્ય જરૂરી પગલાં ભરશે.

(ii) આરોગ્ય માટે હાનિકારક એવાં કેફી પદાર્થો, પીણાં, માદક પદાર્થો વગેરે પર રાજ્ય પ્રતિબંધ મૂકશે. દારૂબંધી અંગેની જોગવાઈઓ પણ રાજ્યએ કરવાની રહેશે. જેમકે, ગુજરાત રાજ્યમાં દારૂબંધી અમલમાં છે અને તાજેતરમાં કેરલ તથા બિહાર રાજ્યએ પણ દારૂબંધી દાખલ કરી છે.

(iii) દેશના પર્યાવરણનું રક્ષણ થાય અને તેમાં સુધારો થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે. દેશનાં જંગલો અને વન્યસૃષ્ટિના રક્ષણ માટેના ખાસ પ્રયાસો રાજ્યએ કરવાના રહેશે.

આમ, નાગરિકોના આરોગ્યની જાળવણી અને તેમાં સુધારો થાય એ માટે રાજ્યએ પ્રયત્નશીલ રહેવાનું છે. પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન માટે પણ રાજ્યએ વિશેષ પ્રયાસ કરવાના છે એ મુદ્દા પર આ સિદ્ધાંતો ખાસ ભાર મૂકે છે.

બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતો દ્વારા ભારતની નવી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું ધ્યેય આપણી સમક્ષ મૂક્યું છે. આર્થિક અને સામાજિક લોકશાહી સ્થાપવા માટે આ સિદ્ધાંતો દોરવણીરૂપ છે. આમુખમાં વ્યક્ત થયેલા લોકશાહી આદર્શોને રાજકીય, સામાજિક અને આર્થિકક્ષેત્રે મૂર્તિમંત કરવા વિસ્તૃત રીતે રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે. તેમાં આધુનિક કલ્યાણ રાજ્યની ભાવના પણ વ્યક્ત થયેલી છે. આ સિદ્ધાંતોમાં જુદી-જુદી વિચારધારાઓનાં મહત્ત્વનાં તત્ત્વોનો સમન્વય કરવામાં આવ્યો છે. એમાં સમાજવાદી વિચારધારા, ઉદારમતવાદી વિચારધારા અને ગાંધીવાદી વિચારધારાના કેટલાક અંશોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શોષણ અને અન્યાયથી મુક્ત એવી ન્યાયી સમાજ-વ્યવસ્થાનું સ્વપ્ન તેમાં રજૂ કરવામાં આવ્યું છે. આ સ્વપ્ન સાકાર કરવાની જવાબદારી 'રાજ્ય' ને શિરે મૂકવામાં આવી છે.

માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાયદાનું પીઠબળ ન હોવાથી બંધારણ ઘડતરના તબક્કાએથી જ ટીકાપાત્ર બન્યા છે.જોકે આવી અનેક ટીકાઓ થતી હોવા છતાં આ સિદ્ધાંતો અર્થહીન તો નથી જ. જો લોકમત સક્રિય અને જાગ્રત હોય તો તેનો અમલ કરાવવાની રાજ્યને ફરજ પાડી શકાય તેમ છે. અદાલતી સક્રિયતાને કારણે પણ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવાની રાજ્યને ફરજ પડી છે.

સ્ત્રી અને પુરુષ કામદારોને સમાન વેતનનો આદર્શ અમલમાં મૂકવામાં આવ્યો છે. સામુદાયિક વિકાસ-યોજના દ્વારા લોકોની ઉન્નતિનાં કાર્યો કરવામાં આવ્યાં છે. પંચાયતીરાજની સ્થાપના દ્વારા સ્થાનિક સંસ્થાઓને સ્વાયત્તતા આપવામાં આવી છે. બાળકોનું શોષણ અટકાવવા માટે બાળ મજૂરીવિરોધી કાયદા ઉપરાંત અનેક કાયદાઓ થયા છે. પ્રાથમિક કક્ષાએ નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. વર્ગીકૃત જાતિઓના ઉદ્ધાર માટે ઘણાં પગલાં લેવામાં આવ્યાં છે. મહિલા કલ્યાણ અને વિકાસ અર્થે વિવિધ કાયદાઓ અને યોજનાઓની જોગવાઈઓ કરવામાં આવી છે. સ્ત્રી સશક્તિકરણની દિશામાં પણ સતત અને નક્કર પ્રયાસો થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિ અને સલામતી જાળવવામાં ભારતે મહત્ત્વની કામગીરી બજાવી છે.

### મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત

મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતોનો અભ્યાસ કર્યા પછી હવે એમની વચ્ચે જે તફાવત છે, તેનો ખ્યાલ મેળવીએ :

(1) મૂળભૂત હકો પાછળ કાનૂની પીઠબળ હોઈ તેમનો અમલ અદાલતો દ્વારા કરાવી શકાય છે. મૂળભૂત હકો ઉપર તરાપ આવતાં કોઈ પણ નાગરિક અદાલતનો આશરો લઈ શકે છે. તેથી તે 'અદાલતો દ્વારા અમલમાં મૂકી શકાય' (જસ્ટિશિયેબલ) તેવું સ્વરૂપ ધરાવે છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ નથી તેથી તેનાં અમલ માટે અદાલતમાં જઈને દાદ માગી શકાય નહિ. આમ તેમનું સ્વરૂપ 'અદાલતો દ્વારા અમલમાં ન મૂકી શકાય તેવું' (નોન-જસ્ટિશિયેબલ) છે. આ સિદ્ધાંતો માત્ર માર્ગદર્શક છે. આમ છતાં, તેમનું મહત્ત્વ જરા પણ ઓછું નથી. ડૉ. બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં ''માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.''

(2) મૂળભૂત હકો રાજ્ય ઉપર મર્યાદા મૂકે છે અને અમુક કાર્ય નહિ કરવાનું ફરમાવે છે. જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હકારાત્મક છે, તે રાજ્યને અમુક કાર્ય કરવા માટેનું માર્ગદર્શન આપે છે.

(3) મૂળભૂત હકોનો રાજ્ય અનાદર કરી શકે નહિ. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે રાજ્ય જવાબદાર નથી. આ સિદ્ધાંતો દીવાદાંડી સમાન હોઈ સરકાર માટે દિશાસૂચન કરે છે.

(4) મૂળભૂત હકો, મહદંશે, દેશમાં રાજકીય લોકશાહી સ્થાપે છે. એમાં નાગરિક સ્વાતંત્ર્ય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. એમાં સામાજિક સમાનતા અને આર્થિક હકો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

અંતમાં એમ કહી શકાય કે, મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંને મહત્ત્વના છે. વ્યક્તિ અને સમાજના ઉત્કર્ષ માટે બંને ઉપયોગી છે, એકબીજાના પૂરક છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) મૂળભૂત હકો એટલે શું ? તેનું મહત્ત્વ સમજાવો.

(2) સમાનતાના મૂળભૂત હકની વિવિધ કલમ હેઠળ ચર્ચા કરો.

(3) સ્વતંત્રતાના મૂળભૂત હકનો વિગતે ખ્યાલ આપો.

(4) ભારતીય બંધારણમાં નિર્દિષ્ટ નાગરિકની મૂળભૂત ફરજોનું વર્ણન કરો.

(5) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે છણાવટ કરો.

(6) સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી માર્ગદર્શક સિદ્ધાંતો જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) શોષણ વિરુદ્ધનો હક

(2) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક

(3) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક

(4) બંધારણીય ઇલાજોનો હક

(5) મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) માનવહકો એટલે શું ?

(2) આપણા બંધારણે આપેલા મૂળભૂત હકો કયા કયા છે ?

(3) કલમ 20 હેઠળ વ્યક્તિને કઈ-કઈ સલામતીઓ પ્રાપ્ત છે ?

(4) કલમ 21(A) હેઠળ કઈ જોગવાઈ કરવામાં આવી છે ?

(5) RTE નું પૂરું નામ જણાવો

(6) કલમ 22 હેઠળ શી-શી જોગવાઈઓ છે ?

(7) શોષણ સામેનો હક કઈ-કઈ કલમ દ્વારા પ્રાપ્ત છે ?

(8) બાળમજૂરી વિરોધી કાયદો બંધારણની કઈ કલમ હેઠળ સમાવિષ્ટ ગણાવી શકાય ?

(9) ધાર્મિક સ્વાતંત્ર્યના હકની વિવિધ કલમ કઈ-કઈ છે ?

(10) મિલકતના હકને શા માટે મૂળભૂત હક તરીકે રદબાતલ કરવામાં આવ્યો ?

(11) બંધારણના કેટલામા સુધારા દ્વારા મિલકતના હકને મૂળભૂત હકની યાદીમાંથી ખસેડી લેવામાં આવ્યો ?

(12) બંધારણીય ઇલાજોના હકની મહત્તા દર્શાવતા ડૉ. ભીમરાવ આંબેડકરે શું કહ્યું હતું ?

(13) કલમ 32 શું દર્શાવે છે ?

(14) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મૂળભૂત હકોથી કઈ રીતે જુદા પડે છે ?

(15) ઇલકાબો કે ખિતાબોની નાબૂદી શા માટે કરવામાં આવી છે ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) કયા દિવસને 'માનવ અધિકાર દિન' તરીકે મનાવવામાં આવે છે ? ☐

(અ) 7 ઑક્ટોબર (બ) 5 માર્ચ (ક) 10 ડિસેમ્બર (ડ) 3 ફેબ્રુઆરી

(2) વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શું જરૂરી છે ? ☐

(અ) ધર્મ (બ) હકો (ક) સિદ્ધાંતો (ડ) પ્રવૃત્તિ

(3) બંધારણના કેટલામા ભાગમાં મૂળભૂત હકોને સ્થાન આપવામાં આવ્યું છે ? ☐

(અ) પ્રથમ (બ) બીજા (ક) ત્રીજા (ડ) ચોથા

(4) RTE-રાઇટ ટુ એજ્યુકેશન કઈ કલમ હેઠળ સમાવિષ્ટ છે ? ☐

(અ) 10-A (બ) 21-A (ક) 40-A (ડ) 55-A

(5) કોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવી શકે છે ? ☐

(અ) હકો (બ) સંસ્કૃતિ (ક) કુટુંબ (ડ) આરોગ્ય

(6) બંધારણની કઈ-કઈ કલમ હેઠળ સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો આપવામાં આવ્યા છે ? ☐

(અ) 23-24 (બ) 29-30 (ક) 34-35 (ડ) 38-39

(7) કયો હક હવે મૂળભૂત હકને બદલે માત્ર કાનૂની હક છે ?

(અ) સમાનતાનો (બ) મિલકતનો (ક) શોષણ સામેનો (ડ) સ્વતંત્રતાનો

(8) કઈ સાલમાં મિલકતના મૂળભૂત હકને રદબાતલ કરવામાં આવ્યો ?

(અ) 1978 (બ) 1986 (ક) 1994 (ડ) 2001

(9) ભારતીય બંધારણની કઈ કલમ હેઠળ મૂળભૂત ફરજોની જોગવાઈ કરવામાં આવી છે?

(અ) 15-C (બ) 25-B (ક) 51-A (ડ) 75-D

(10) પાઠ્યપુસ્તકના શરૂઆતના પાના પર શેનો ઉલ્લેખ કરવામાં આવે છે ?

(અ) હકો (બ) મૂળભૂત ફરજો (ક) સમવાયતંત્ર (ડ) વિદેશનીતિ

(11) કયા દેશના બંધારણમાંથી પ્રેરણા લઈ આપણે આપણા બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે ?

(અ) ચીન (બ) આયર્લેન્ડ (ક) બ્રિટન (ડ) ઇન્ડોનેશિયા

(12) બંધારણના કયા ભાગમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સમાવવામાં આવ્યા છે ?

(અ) બીજા (બ) ત્રીજા (ક) ચોથા (ડ) પાંચમા

(13) ધારાસભાઓ સમક્ષ આદર્શ રજૂ કરે છે અને ભારતના વહીવટમાં પથદર્શક છે.

(અ) માર્ગદર્શક સિદ્ધાંતો (બ) ફરજો (ક) રાજકીય નેતાઓ (ડ) સંસ્થાઓ

(14) કોણે કહ્યું હતું કે, માર્ગદર્શક સિદ્ધાંતો એ 'દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.'

(અ) જવાહરલાલ નેહરૂ (બ) ગાંધીજી (ક) ડૉ. ભીમરાવ (ડ) સરદાર પટેલ

(15) કઈ કલમ દ્વારા અસ્પૃશ્યતાને નાબૂદ કરવામાં આવી છે ?

(અ) કલમ 17 (બ) કલમ 37 (ક) કલમ 47 (ડ) કલમ 57

(16) નીચે પૈકી કયા રાજ્યમાં દારૂબંધી અમલમાં છે ?

(અ) રાજસ્થાન (બ) ગુજરાત (ક) મહારાષ્ટ્ર (ડ) આંધ્રપ્રદેશ

**પ્રવૃત્તિ**

- મૂળભૂત ફરજોનું વારંવાર વાચન અને અભ્યાસ કરવા તથા તેને વર્તન-વ્યવહારમાં લાવવા પ્રયત્નો કરવા.
- મૂળભૂત હકો વિશે અવારનવાર ચર્ચાસભાઓ ગોઠવવી.

●